## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



હવે જો... મને મઠીયા, ઘુઘરા, ચવાણા, મીઠાઈ પીરસ્યા છે તો... તારા પર છુટાછેડાનો કેઈસ કરી દઈશ...

# સાતમા પગાર પંચ પ્રમાણે પેન્શનરોને નવા વર્ષે પેન્શન મળતાં ખુશખુશાલ

ગાંધીનગર, તા.૩

ગુજરાત સરકારના પેન્શનરોને ઓકટોબર માસથી સાતમા પગાર પંચ પ્રમાણે નવેમ્બર માસમાં પેન્શન ચુકવવામાં આવેલ છે. જેથી પેન્શનરો, ફેમીલી પેન્શનરોમાં આનંદની લાગણીથી ખુશાલી વ્યાપી છે. નવા વર્ષની બોણી તરીકે પેન્શનરોએ સ્વીકાર કરેલ છે.

પરંતુ કર્મચારી અને પેન્શનરોને સાતમા પગાર પંચની ચુકવણી તથા દિવાળી અગાઉ પેન્શન ન ચુકવતાં પેન્શનરો-કર્મચારીઓમાં ભાગલા પાડવાની વૃત્તિથી સરકાર તરફ નારાજગી જણાય છે.

કેન્દ્રના ધોરણે વધેલ ૨ ટકા મોંઘવારી ભથ્થું તેમજ જાન્યુઆરીથી સાતમા પગાર પંચના તફાવતના નાણાં સત્વરે ચુકવવા માટે સરકાર નિર્ણય કરે તેવી પેન્શનરોની માગણી છે.

દિવાળી ટાણે પેન્શન કચેરીના કર્મચારીઓએ નવા પેન્શનની ગણતરી કરીને પેન્શન ચુકવણી કરેલ છે તે બદલ પેન્શનરોએ પેન્શન કચેરીનો પણ આભાર વ્યકત કરેલ છે.

# ગાંધીનગર યુવક કોંગ્રેસ દ્વારા ધરણાનો કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૩

રાહુલ ગાંધી ગઈકાલે દિલ્હી હોસ્પિટલ ખાતે રામકિસાન અગ્રવાલ એક્સ આર્મી મેન કે જેમણે વન રેન્ક વન પેન્શનની માંગણી સાથે આત્મહત્યા કરી હતી. તેમના પરિવારને સાંત્વના આપવા જતા કેન્દ્રની હિટલરશાહી માનસિકતા ધરાવતી મોદી સરકારના ઈશારે દિલ્હી પોલીસે રાહુલ ગાંધીની અટકાયત કરી હતી. લોકશાહીના ખુન સમાન અટકાયતના વિરોધમાં ગાંધીનગર જિલ્લા-શહેર યુથ કોંગ્રેસ દ્વારા તા. ૩-૧૧-૨૦૧૬ બપોરે ૧૨.૦૦ કલાકે સત્યાગ્રહ છાવણી, સે. ૬, ગાંધીનગર ખાતે ધરણા-દેખાવોનો કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમમાં ઉપસ્થિત સૌએ એક કલાક સુધી ભારે સૂત્રોચ્ચાર કરી કેન્દ્ર સરકાર આ સમગ્ર ઘટનાનો જવાબ આપે તેની માંગણી કરાઈ હતી. આ કાર્યક્રમમાં નિશિતભાઈ વ્યાસ (મહામંત્રી ગુજરાત કોંગ્રેસ), ડૉ. હિમાંશુ પટેલ (પ્રવક્તા ગુજરાત કોંગ્રેસ), વિરેન્દ્રસિંહ વાઘેલા (મહામંત્રી જિલ્લા કોંગ્રેસ), જીતેન્દ્રસિંહ સોલંકી (પ્રમુખ જિલ્લા યુથ કોંગ્રેસ), ભાવેશ દેસાઈ (પ્રમુખ શહેર યુથ કોંગ્રેસ), જયદીપસિંહ ઠાકોર, હર્ષ પંડ્યા, વિરેન્દ્રસિંહ રાણા, મેહુલ રાઠોડ, યુવરાજસિંહ ગોલ, અશોકજી ઠાકોર, વિપુલ દેસાઈ સાથે મોટી સંખ્યામાં યુવક કોંગ્રેસના યુવાનો જોડાયા હતા તેવું એક અખબારી યાદીમાં જિલ્લા યુવક કોંગ્રેસ પ્રમુખ જીતેન્દ્રસિંહ સોલંકી અને શહેર યુવક કોંગ્રેસ પ્રમુખ ભાવેશ દેસાઈએ સંયુક્ત રીતે જણાવ્યું હતું.

# રાજયભરમાં વિધાનસભા બેઠક વાર ભાજપના સ્નેહ સંમેલનો યોજાશે

ગાંધીનગર, તા.૩

પ્રદેશ ભાજપ પ્રવકતા ભરત પંડયાએ જણાવ્યુંહતું કે, ભાજપ એક પરીવાર ભાવનાથી કામ કરતું, વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટીનાં કાર્યકર્તાઓનું સંગઠન છે. ભાજપની પરંપરા મુજબ દર વર્ષે કાર્યકર્તાઓનું સ્નેહમિલન યોજાતું હોય છે. આ વર્ષે પણ તા.૫ નવેમ્બરથી ૧૫ નવેમ્બર સુધીમાં ૧૮૨ વિધાનસભામાં ભાજપ કાર્યકર્તા સ્નેહમિલનનો યોજાશે. આ સ્નેહમિલનમાં બુથસમિતિથી માંડીને જીલ્લા-પ્રદેશ સ્તરનાં આગેવાનો ઉપસ્થિત રહેશે. આ સ્નેહમિલનમાં સર્જીકલસ્ટ્રાઈક અંગે સૈનિકોની યાદ, માન-સન્માન અને ગૌરવ માટે અભિનંદન આપવામાં આવશે.

પંડયાએ વધુમાં જણાવ્યું હતું કે, જનહિત, જનકલ્યાણ, જનવિકાસ માટે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કામ કરતી કેન્દ્ર સરકાર અને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં ચાલતી ગુજરાત સરકારની કામગીરી અંગે અભિનંદન આપવામાં આવશે. વિધાનસભા વિસ્તારમાં રહેતા વિશિષ્ટ-સેવાભાવી મહાનુભાવો અને એવોર્ડ વિજેતાઓનું પણ સન્માન કરવામાં આવશે.

# આગામી ૩૬મી માસ્ટર્સ એથ્લેટિક્સ ચેમ્પિયનશીપ ઉપલેટા ખાતે યોજાશે

ગાંધીનગર, તા. ૩

આગામી ૩૬મી ગુજરાત સ્ટેટ માસ્ટર્સ એથ્લેટિક ચેમ્પિયનશીપ વર્ષ ૨૦૧૬-૧૭નું તા. ૧૭મી અને તા. ૧૮મી ડિસેમ્બર શનિ-રવિવારે રાજકોટ જિલ્લાના ઉપલેટા ખાતેની મ્યુનિસિપલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે ખેલાડીઓએ તા. ૧૦મી નવેમ્બર સુધીમાં પોતાના નામ, સરનામા, જન્મતારીખ, મોબાઈલ નંબર તથા પસંદગીની રમતની વિગત સાથેનું સંપુર્ણ ફોર્મ ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ માસ્ટર્સ એથ્લેટિક એસોસિએશનના દિનેશસિંહ ચાવડાને સેક્ટર-૧૧માં શાલીન કોમ્પલેક્ષ ઓફિસ નં. ૧૦૧ ખાતે અથવા દશરથસિંહ ચૌહાણને સેક્ટર-૨૧માં મહાવીર સોસાયટીમાં મકાન નં. ૫૩૨/૧ ખાતે પહોંચાડવાનું રહેશે. રાજ્યકક્ષાની આ સ્પર્ધામાં દોડ, કુદ, ફેંકની દરેક ઈવેન્ટ એજવાઈઝ યોજાશે. ભાગ લેનાર ખેલાડીઓએ મહિલાઓ ૩૦ વર્ષથી ઉપર અને પુરૂષો ૩૫ વર્ષથી ઉપર દરેક પાંચ પાંચ વર્ષના ગૃપ મુજબ અરજી કરી શકશે. સ્પર્ધાની વધુ વિગતો માટે સંસ્થાના કે.કે. પટેલને મો. નં. ૯૮૯૮૬૧૬૮૦૮ પર સંપર્ક સાધી લેવા અખબારી યાદીમાં જણાવાયું છે.

# શ્રીશ્રી રવિશંકર વિશ્વમાં શાંતિ માટેના કામ કરે છે : વિજય રૂપાણી

અમદાવાદ, તા.૩



મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આજે આણંદ જિલ્લાના આંકલાવડી સ્થિત આર્ટ ઓફ લિવિંગ ગુજરાત આશ્રમ ખાતે માનવીય મૂલ્યોના ઉદ્દીપક અને આધ્યાત્મિક ગુરુ શ્રીશ્રી રવિશંકરની શુભેચ્છા મુલાકાત લઈ આશીર્વાદ મેળવ્યા હતા. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, શ્રીશ્રી રવિશંકર શાંતિ, ભાઈચારા અને પ્રેમના સંદેશા દ્વારા માનવીય મૂલ્યોના પુનરુત્થાન માટે સમગ્ર વિશ્વમાં કામ કરી રહ્યા છે જે સરાહનીય છે.

આર્ટ ઓફ લિવિંગના પ્રણેતા શ્રીશ્રી રવિશંકરે મુખ્યમંત્રી વિજય રૂપાણીના સક્ષમ નેતૃત્વમાં ગુજરાત સુશાસન સાથે વિકાસની નૂતન ક્ષિતિજો સર કરી સમગ્ર વિશ્વમાં નામના મેળવશે એવી શુભેચ્છાઓ આપી હતી. આ અવસરે શ્રીશ્રી રવિશંકરે સૌ ગુજરાતવાસીઓને નવા વર્ષની શુભકામનાઓ પાઠવી હતી.

# રિયલ એસ્ટેટ માટે રેગ્યુલેટરી ઓથોરિટી

## રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટીની રચના : નવા આવાસની ખરીદી કરનાર અને વાણિજ્ય એસ્ટેટની ખરીદ કરનારને છેતરપિંડીમાં અપીલ કરવાની તક મળશે

અમદાવાદ, તા. ૩

રિયલ એસ્ટેટ રેગ્યુલેશન એન્ડ ડેવલોપમેન્ટ એક્ટ ૨૦૧૬ હેઠળ નિયમો મંજુર કરવામાં આવ્યા બાદ ગુજરાત સરકારે હવે રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટીની રચના કરી લીધી છે. સરકારે નવી રેગ્યુલેટરી ઓથોરિટીને મંજુરી આપી દીધી છે. આના માટે જાહેરનામું જારી કરી દેવામાં આવ્યું છે. હવે આવાસની ખરીદી કરનાર અને કોમર્શિયલ એસ્ટેટની ખરીદી કરનાર કસ્ટમરોને રિયલ એસ્ટેટ કંપનીઓ દ્વારા કોઈપણ પ્રકારની છેતરપિંડી થવાની સ્થિતિમાં તેમની સામે અપીલ કરી શકાશે. નવા નિયમો પહેલી મે ૨૦૧૭થી અમલી બનાવી દેવામાં આવશે. રિયલ એસ્ટેટ ડેવલોપર્સ માટે પણ કેટલીક રાહતો જાહેર કરવામાં આવી છે.

પહેલી નવેમ્બર ૨૦૧૬ બાદ લોન્ચ કરવામાં આવેલા પ્રોજેક્ટોને આ કાયદા હેઠળ આવરી લેવામાં આવ્યા છે. પ્રવર્તમાન નિયમો હેઠળ ઓથોરિટી અધિકારોના સ્વરૂપ અને પ્રમોટરોના હિતના સંદર્ભમાં તમામ વિગતો ડેવલપર્સ પાસેથી માંગી શકશે.

# જીએનએફસીના ગેસ ગળતર દુર્ઘટનાની તપાસ યોજો : અહેમદ પટેલ

ગાંધીનગર, તા. ૩

ભરૂચ જીએનએફસીમાં ગેસ ગળતરની ચાર કર્મચારી શ્રમિકોના મોતની બનેલી ઘટનાની તટસ્થ તપાસ કરવામાં આવે તેવી માંગણી કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા અને સાંસદ અહેમદ પટેલે કરી છે. કોંગ્રેસની એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે ગુજરાત નર્મદા વેલી ફર્ટીલાઈઝર કોર્પોરેશન ભરૂચ ખાતે ગેસ ગળતરની ઘટનામાં ચાર વ્યક્તિઓના મોત અને ૧૪ વ્યક્તિઓ ગંભીર રીતે ઘાયલ થઈ છે. ત્યારે સમગ્ર ગેસ ગળતરની ઘટના અંગે તટસ્થ તપાસ થવી જોઈએ. જીએનએફસીમાં ગેસ ગળતર દુર્ઘટનામાં ચાર વ્યક્તિઓએ જીવ ગુમાવ્યો છે અને ૧૪થી વધુ વ્યક્તિઓ ગંભીર રીતે ઘાયલ થવાથી મોત સામે ઝઝુમી રહ્યા છે.

# અમદાવાદમાં આગામી વર્ષે ભવ્ય ફલાવર શો

અમદાવાદ, તા.૩

અમદાવાદ શહેરમાં આગામી વર્ષે પાંચ જાન્યુઆરીથી તેર જાન્યુઆરી-૨૦૧૭ સુધી રિવરફ્રન્ટના એલિસબ્રિજથી સરદારબ્રિજની વચ્ચે ભવ્ય ફલાવરશોનું આયોજન કરવા મ્યુનિસિપલ તંત્ર તરફથી તડામાર તૈયારીઓ શરૂ કરવામાં આવી છે.આ શોમાં સૌથી મોટુ આકર્ષણ ૪૦ ફૂટ ઉંચાઈ ધરાવતું ડાઈનાસોરનું સ્ટ્રકચર હશે.આ અંગે મળતી માહિતી મુજબ, શહેરમાં છેલ્લા કેટલાક વર્ષોથી રિવરફ્રન્ટ ખાતે ફલાવરશોનું અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને રિવરફ્રન્ટ કોર્પોરેશન તરફથી આયોજન કરવામાં આવી રહ્યું છે.








